# જાહેરનામુ

ફોજદારી કાર્યરીતી અધિનીયમ ૧૯૭૩ ની કલમ ૧૪૪ અન્વયે

ક્રમાંક વિશેષ શાખા/એ સેકશન/મકરસંક્રાંતી/પરમીટ/ ૫ /૨૦૧૭

ઉત્તરાયણ તહેવાર દરમ્યાન પાકા સીન્થેટીક ચાઇનીઝ નાયલોન મટીરીયલથી તૈયાર કરવામાં આવેલ પાકા દોરાથી ઉડાડવામા આવતા પતંગોના કારણે રોડ ઉપર વાહન ચલાવતા વાહન ચાલકોને ગંભીર ઇજાઓ થાય છે તથા કેટલાક અકસ્માતથી મૃત્યુ પણ પામે છે. આવા દોરાથી પક્ષીઓ ઘાયલ થતા હોય છે અને તેનાથી તેમનુ મૃત્યુ પણ થતુ હોય છે. આથી પતંગ ઉડાવવા દરમિયાન પાકા દોરાથી પતંગ ઉડાડવાનુ અટકાવવુ જરૂરી જણાય છે તથા એન્વાયરમેન્ટ પ્રોટેકશન એકટ ૧૯૮૬ની કલમ ૫ હેઠળ પણ અટકાવવા જણાવવામાં આવેલ છે.

ગુજરાત સરકારે પણ તેમના પત્ર ક્રમાંક વિ-૨/ડી.એસ.એમ./૧૩૨૦૧૬/હા.કો. ૦૨ તા.૧૩/૦૧/૨૦૧૭ થી ચાઇનીઝ માંજા અને સિન્થેટીક દોરા કે કાચ અથવા હાનિકારક પદાર્થો થી તૈયાર કરવામાં આવેલ આવા દોરાને રાખવાની,વેચવાની કે તેનો ઉપયોગ કરવા ઉપર પ્રતિબંધ મુકવા જણાવેલ છે.

આથી હુ એ.કે.સિંઘ પોલીસ કમિશ્નર અમદાવાદ શહેર ફોજદારી કાર્યરીતી અધિનીયમની કલમ ૧૪૪ અન્વયે નાયલોન દોરી,ચાઇનીઝ દોરી અથવા ચાઇનીઝ માંજા, અન્ય કાચ પાયેલી નાયલોન દોરી અથવા પતંગ ઉડાવવા માટે ઉપયોગમાં લેવાતી અન્ય નુકશાનકારક વસ્તુઓ તેમજ કાચ પાયેલી અથવા અન્ય હાનિકારક પદાર્થોનું કોટીંગ ધરાવતી કોટન દોરીની ઉપલબ્ધી (PROCUREMENT) વેચાણ/ સંગ્રહ/ ઉપયોગ ઉપર ફોજદારી કાર્યરીતી અધિનીયમની કલમ ૧૪૪ હેઠળ પ્રતિબંધ મુકુ છુ.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ફોજદારી અધિનીયમની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામાંનો અમલ તા.૧૪/૦૧/૨૦૧૭ થી તા.૦૧/૦૨/૨૦૧૭ સુધી રહેશે.

હુ આથી આદેશ આપુ છુ કે ઉપર જાહેર કરેલ વિસ્તારમાં લોકો જાણી શકે તે માટે આ જાહેરનામાની જરૂરી પ્રેસનોટ ઇસ્યુ કરવા તેમજ સ્થાનીક વર્તમાનપત્રો, દુરદર્શન, આકાશવાણી તેમજ ઇલેકટ્રીક મિડીયામાં પ્રસિધ્ધ તેમજ જાહેરાત કરવી.

આજ રોજ તા-૧૪/૦૧/૨૦૧૭ એ મે મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

પોલીસ કમિશ્નર અમદાવાદ શહેર

(એ.કે.સિંઘ)
પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર

**P.T.O**

નકલ સવિનય રવાના :-

(૧)અધિક સચિવ શ્રી ગુજરાત સરકાર ગૃહ વિભાગ ગાંધીનગર

(૨)પોલીસ મહાનિર્દેશક અને મુ.પો.અધિ.શ્રી ગુ.રા.ગાંધીનગર

(૩)પો.મહાનિર્દેશક શ્રી (ઇન્ટે) ગુ.રા.ગાંધીનગર

(૪)મ્યુનિસિપલ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર

(૫)કલેકટર શ્રી અમદાવાદ

(૬)નિયામક શ્રી માહીતી ખાતુ ગુ.રા.ગાંધીનગર

(૭)રજીસ્ટાર શ્રી હાઇકોર્ટ ગુ.રા.ગાંધીનગર

(૮)રજીસ્ટાર શ્રી સિવિલ અને સેશન્સ કોર્ટ અમદાવાદ

(૯)રજીસ્ટાર શ્રી સેશન્સ કોર્ટ મીરજાપુર અમદાવાદ

(૧૦)ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ શ્રી અમદાવાદ શહેર

નકલ રવાના :-

(૧)સંયુકત પો.કમિ.શ્રી.ક્રાઇમ બ્રાંચ/સેકટર.૧.૨/મુખ્ય મથક અમદાવાદ શહેર

(૨)અધિક પો.કમિ.શ્રી ટ્રાફિક શાખા અમદાવાદ શહેર

(૩)ના.પો.કમિ. શ્રી ઝોન ૧ થી ૭ તથા ટ્રાફિક શાખા,ક્રાઇમ બ્રાંચ,કંટ્રોલ રૂમ અમદાવાદ શહેર

(૪)મેનેજર શ્રી ગવર્મેન્ટ પ્રેસ અને સ્ટેશન ડીપાર્ટમેન્ટ વડોદરા તરફ ગેજેટ ભાગ-૧ માં પ્રસિધ્ધ કરવા સારૂ

(૫)તમામ મદદનીશ પોલીસ કમિશ્નર શ્રીઓ ટ્રાફિક શાખા,ક્રાઇમ બ્રાંચ,એસઓજી અમદાવાદ શહેર

(૬)સીનીયર સરકારી વકીલ શ્રી અમદાવાદ શહેર

(૭)જન સંપર્ક અધિકારીશ્રી (સ્થાનીક વર્તમાન પત્રો તેમજ આકાશીવાણી અને દુરદર્શન કેન્દ્ર ઉપરથી જાહેરાત કરાવવા)

(૮)તમામ પો.ઇન્સ.શ્રીઓ અમદાવાદ શહેર (જાહેર જગ્યાઓએ નકલો ચોટાડી લાઉડ સ્પીકર વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂ)

(૯)પોલીસ ઇન્સ શ્રી અમદાવાદ રેલ્વે પો.સ્ટે.

(૧૦)પોલીસ સબ ઇન્સ શ્રી સાબરમતી રેલ્વે પો.સ્ટે.